Date: 3.09.2020

To
**Corporate Relationship Department**
**BSE Limited**
Phiroze Jeejeebhoy Tower,
Dalal Street,
Mumbai – 400 001

**Scrip Code: 526169**

Dear Sir/Madam,

**Sub: Newspaper Advertisement – Disclosure under Regulation 30 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015**

We have enclosed the copies of newspaper advertisement published in Financial Express and Gujrat Chitra on 3rd September 2020, in compliance with the General Circulars issued by the Ministry of Corporate Affairs ('MCA') dated 08th April, 13th April, and 5th May, 2020, and Securities and Exchange Board of India ('SEBI') Circular dated 12th May, 2020, for updation of email addresses of the Shareholders for 29th Annual General Meeting of the Company to be held on Tuesday, 29th September, 2020 at 11:00 A.M. (I.S.T.) through Video Conferencing / Other Audio Visual Means. Further, the above published information is also available on the website of the Company viz. www.multibaseindia.com.

This is for your information and records.

Thanking you,
Yours truly,
For **Multibase India Limited**

MULTIBASE INDIA LIMITED DAMAN

**Sunaina Goraksh**
**Company Secretary**
**Encl: As above**

# વલસાડ જિલ્લામાં અનલોક-4 અંતર્ગત લાગુ કરાયા દિશાનિર્દેશ

## 21મી સુધી અનલોક-3 યથાવત્ : જાહેરમાં માસ્ક વગર ફરનાર દંડાશે : 21મી પછી સમારંભોમાં 100 લોકો ભેગા કરી શકાશે

વલસાડ, તા.2
કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા જારી કરેલ અનલોક-4માં જણાવેલા તમામ દિશાનિર્દેશનું વલસાડ જિલ્લામાં પણ પાલન કરવા જિલ્લા કલેક્ટર દ્વારા બહાર પડાયચેલ પ્રતિબંધાત્મક આદેશો મુજબ આગામી 21મી સુધી અનલોક-3 પ્રમાણે જ રહેશે અને ત્યારબાદ ધાર્મિક, રાજકીય, સામાજિક મેળાવડામાં માત્ર 100 લોકોને જ મંજૂરી તેમજ માસ્ક ફરજીયાત પહેરવા સહિત અન્ય તમામ તકેદારી રાખી કોરોના પર અંતિમ પ્રહાર કરવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે.

વિશ્વભરમાં નોવેલ કોરોનાવાઈરસ(કોવિડ-૧૯)ને વર્લ્ડહેલ્થઓર્ગેનાઈઝેશનદ્વારા વૈશ્વિકમહામારીજાહેરકરવામાં આવી છે. જે અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરી છે. કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા કેન્દ્રના ગૃહ વિભાગ દ્વારા તા.૧/૯/૨૦ના જાહેરનામાથી લોકડાઉનની મુદત તા.૩૦/૯/૨૦૨૦ સુધી વધારવામાં આવી છે. આમ છતાં કેટલાક લોકો બિનજરૂરી રીતે ઘરની બહાર નીકળતા અટકાવવા અને લોકડાઉનની ચુસ્તપણે અમલવારી કરાવાવ માટે કાયદાકીય કાર્યવાહી કરવી જરૂરીહોવાથીનેશનલડીઝાસ્ટર એક્ટરની કલમ-૩૪ અને ફોજદારીકાર્યરીતીઅધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયે વલસાડ જિલ્લાની જાહેર જનતાની સલામતી તથા કોરોના વાઈરસના સંક્રમણ ન ફેલાય તે હેતુસર વલસાડ જિલ્લા મેજિસ્ટ્રેટ આર.આર. રાવલે એક જાહેરનામા દ્વારા કેટલાક પ્રતિબંધાત્મક આદેશો જારી કર્યા છે.

જે અનુસાર વલસાડ જિલ્લામાં શાળા, કૉલેજો, શૈક્ષણિક અને કોચિંગ સંસ્થાઓ તા.૩૦/૯/૨૦૨૦ સુધી બંધ રહેશે, પરંતુ ઓનલાઈન તથા ડિસ્ટન્સ લર્નિંગ ચાલુ રહેશે. તા.૨૧/૯/૨૦૨૦થી આરોગ્ય વિભાગના એસ.ઓ.પો.ના ચુસ્તપણે પાલન કરીને રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં ૫૦ ટકા શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફને ઓનલાઈન શિક્ષણ, ટેલી કાઉન્સેલિંગ માટે બોલાવી શકશે. તા.૨૧/૯/૨૦થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવનાર એસ.ઓ.પી. અનુસાર કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સ્વૈચ્છિક ધોરણે શિક્ષકોના માર્ગદર્શન અર્થે વાલીની લેખિત પૂર્વમંજૂરી મેળવી શાળાએ જઈ શકશે. સ્કીલ ડેવલપમેન્ટ ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટ પણ માર્ગદર્શિકાના પાલન સાથે શરૂ કરી શકાશે. ટેકનીકલ એન્ડ પ્રોફેશનલ પ્રોગ્રામ્સ ફોર પી.એચ.ડી. એન્ડ અધર પોસ્ટ ગ્રેજ્યુએટ કે જેમાંલેબઅથવાએક્ષ્પરીમેન્ટલ વર્ક જરૂરી હોય તે અંગે હાયર એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ દ્વારા

અનુસંધાન પાના 2 પર...





દિવાળી બાદ વાપીથી વલસાડ સુધીના વિવિધ હાઈવે પરના પ્રોજેક્ટ હાથ ધરાશે ત્યારે તે પહેલાં ઈસ્ટ-વેસ્ટનો ટ્રાફિક કઈ રીતે કન્ટ્રોલ કરવો તેમજ ક્યાં-ક્યાં ડાયવર્ઝન આપવું તે માટે ડેપ્યૂટી કલેક્ટર સી. પી. પટેલે PWDના અધિકારીઓ, RTOના અધિકારીઓ, પોલીસ અધિકારીઓ સાથે સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

# કૌભાંડનો પર્દાફાશ : બનાસકાંઠાના બાલુન્દ્રામાં મૃત્યુ પામેલાઓને મનરેગાનું વેતન ચૂકવાતું હતું

## બાલુન્દ્રામાં મનરેગા યોજના હેઠળ મૃતકોના ડમી જોબ કાડથી વેતન સેરવી લેવાના કૌભાંડથી ખડભળાટ મચ્યો

અમદાવાદ,તા.૨
મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી એક્ટ (મનરેગા)માં ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાનો પર્દાફાશ થયો છે. રાજ્યમાં મૃત્યુ પામેલા લોકોને મનરેગા યોજના હેઠળ કામ અને વેતન અપાતું હોવાની ચોંકાવનારી વાત સામે આવી છે. બનાસકાંઠાના અમીરગઢ તાલુકાના બાલુન્દ્રા ગામે ૨૦૧૬થી ૨૦૧૯ની વચ્ચે મૃત્યુ પામેલા ઓછામાં ઓછા પાંચ શખ્સોના નામ મનરેગા યોજનામાં બોલે છે. જિલ્લાના સત્તાધીશોએ આ મૃતકોના નામ મનરેગા સાઈટ પર દર્શાવ્યા છે અને વેતન પણ અપાઈ રહ્યું છે. જો કે, સ્પષ્ટ છે કે આ વેતનની રકમ ના તો મૃતક કે તેમના પરિવાર સુધી પહોંચે છે. મૃતકોના પરિવારજનોનું તો એમ પણ કહેવું છે કે, ગ્રામીણ રોજગાર યોજના હેઠળ તે વ્ય•ક્ત (મૃતક જેનું નામ મનરેગામાં કાગળ પર છે)એ ક્યારેય કામ નથી કર્યું. ગુજરાત-રાજસ્થાનની બોર્ડર પર આવેલા નાનકડા બાલુન્દ્રા ગામમાં લગભગ એક મહિના પહેલા મનરેગા કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો. ૨૬૦૦ની વસ્તી ધરાવતા ગામમાં ચાલતા આ ભ્રષ્ટાચારને સ્થાનિક એ•ક્ટવિસ્ટ કિરણ પરમાર અને વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ ઉઘાડો પાડ્યો હતો. મેવાણીએ કહ્યું હતું, "આ આદિવાસી ગામના ૮૦૦ લોકોના નામે નકલી જોબ કાર્ડ બનાવાયા હતા. ઊંડી તપાસ કરતાં જાણ થઈ કે, ઓછામાં ઓછા પાંચ ગ્રામીણો જેમના નામ ચોપડે નોંધાયેલા છે, મસ્ટરમાં સહી કરે છે અને વેતન મેળવે છે, તેઓ તો મૃત્યુ પામ્યા છે. આ કઈ રીતે સંભવ છે? ગરીબોના નામે રૂપિયા ચોરતા અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવાવા જોઈએ. ભેરા વાસિયા, જલમા ગોરાણા, હિમા ગોરાણા, કલા ગોરાણા અને વાળી શ્રીમાળી, આ એ લોકોના નામ છે જેઓ મૃત્યુ પામ્યા છે પરંતુ ઓન-પેપર તેઓ કામ કરે છે. આ તમામના મોત ૨૦૧૬થી ૨૦૧૯ વચ્ચે થયા છે, તેમ છતાં લગભગ ૯૦૦ રૂપિયા વેતન દર અઠવાડિયે એપ્રિલ

અનુસંધાન પાના 2 પર...

# સી.આર.પાટીલની સૌરાષ્ટ્ર યાત્રા બાદ આઠ લોકો કોરોના પોઝિટિવ

## કોરોના વાઈરસનો રિપોર્ટ કરવામાં આવતા સાંસદ અભય ભારદ્વાજની ઓફિસના ૮ કર્મચારીઓ કોરોના પોઝિટિવ

રાજકોટ,તા.૨
રાજ્યસભાના સાંસદ અભયભાઈ ભારદ્વાજ અને તેના પુત્ર અંશનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા બંને પિતા-પુત્રને રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. જે બાદ અભયભાઈ ભારદ્વાજ અને તેના પુત્રના ક્લોઝ કોન્ટેક્ટ માં આવેલા વ્યક્તિઓની યાદી બનાવવામાં આવી હતી જે યાદીમાં તેમના નિકટના ૫ રિવારજનો તેમજ અભયભાઈ ભારદ્વાજની ઓફિસમાં કામ કરતાં કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત તમામનો કોરોના વાઈરસનો રિપોર્ટ કરવામાં આવતા અભયભાઈ ભારદ્વાજની ઓફિસના ૮ કર્મચારીઓ કોરોના સંક્રમિત હોવાનું ખૂલ્યું છે. જે ૮ કર્મચારીઓમાં અભયભાઈ ભારદ્વાજના ડ્રાઈવર તેમજ તેમનો પર્સનલ આસિસ્ટન્ટનો પણ સમાવેશ થાય છે. બીજી તરફ તંત્ર દ્વારા અભયભાઈ ભારદ્વાજના

અનુસંધાન પાના 2 પર...

## ૩૫ લાખ રૂપિયાની લાંચ સ્વીકારવાન આરોપ

# ભ્રષ્ટાચાર કેસમાં PSI શ્વેતા જાડેજા સામે ચાર્જશીટ દાખલ

## પાસા હેઠળ કાર્યવાહી ન કરવા માટે ૫૦ લાખની માગણી કરવા બદલ પીએસઆઈ શ્વેતા જાડેજાની પોલ ખૂલી ગઈ

અમદાવાદ,તા.૨
ક્રાઈમ બ્રાંચના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી)એ પીએસઆઈ શ્વેતા જાડેજા અને સહ આરોપી દેવેન્દ્ર ઓડેદરા સામે પ્રિવેન્શન ઓફ એન્ટિ-સોશિયલ એક્ટિવિટિઝ હેઠળ કાર્યવાહી કરવાથી બચાવવા માટે બે ભાઈઓ પાસેથી ૩૫ લાખ રૂપિયાની લાંચ સ્વીકારવા બદલ ચાર્જશીટ દાખલ કરી છે. ગયા અઠવાડિયે સ્પેશિયલ એન્ટિ-કરપ્શન કોર્ટ સમક્ષ રજુ કરેલી ચાર્જશીટમાં તપાસ એજન્સીએ ફરિયાદી કેનલ શાહ અને તેના ભાઈ ભાવેશ શાહ સહિત ૪૭ સાક્ષીઓને ટાંક્યા હતા. શાહ બંધુઓ પાસેથી રૂ.૩૫ લાખથી વધુ કઢાવવા અને બળાત્કારના આરોપી કેનલ શાહ સામે પાસા હેઠળ કાર્યવાહી ન કરવા માટે ૫૦ લાખની માંગણી કરવા બદલ જાડેજા પર ભ્રષ્ટાચારના આરોપ છે. જાડેજા તે સમયે મહિલા પોલીસ સ્ટેશન (પશ્ચિમ)ના પ્રભારી પોલીસ નિરીક્ષક હતા, એમ ઈન્વેસ્ટિગેશન રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે. ચાર્જશીટમાં આરોપીની મહિલા કર્મચારી જૈનાલી શાહની સાક્ષીની યાદી છે. તેણે કથિત રીતે લાંચનો મોટો હિસ્સો આંગડિયા કંપનીઓ દ્વારા ઓડેદરાને મોકલ્યો હતો. આંગડિયા દ્વારા કથિત રૂપે મોકલાયેલા હપ્તા ઉપરાંત જાડેજા પર ભાવેશ શાહના નિવાસ સ્થાને ૪ લાખ રૂપિયા રોકડ સ્વીકારવાનો આરોપ છે. આરોપીએ સસ્પેન્ડ પોલીસ અધિકારી દ્વારા ઉપયોગમાં લેવાયેલા મોબાઈલ ફોનની ચુકવણી પણ કરી હતી.

# ડાંગના માજી ધારાસભ્યને "ડોક્ટર ઓફ ફીલોસોફી"ની ઉપાધી મળી

## મંગળભાઈ ગાવિતે "સોશિયલ સર્વિસ"માં મેળવી ડોક્ટરેટની પદવી

આહવા: તા: ૨: ડાંગના માજી ધારાસભ્ય શ્રી મંગળભાઈ ગાવિતને "ડોક્ટર ઓફ ફીલોસોફી"ની ઉપાધી મળી છે. તેમણે "સોશિયલ સર્વિસ"માં ડોકટરેટની આ પદવી મેળવી છે. સાઉથ પેસેફિક ઓશન સ્થિત કોમનવેલ્થ વોકેશનલ યુનિવર્સિટી, કીન્ગડમ ઓફ ટોંગા ના ડોક્ટરલ મોનીટરીંગ બોર્ડ દ્વારા શ્રી મંગળભાઈ ગાવીતને તેમના સ્પેશ્યલાઈઝેશન એરિયા "સોશિયલ સર્વિસ" માટે આ પદવી એનાયત કરવામાં આવી છે. હવે શ્રી મંગળભાઈ ગાવિત ડો.મંગળભાઈ ગાવિત તરીકે ઓળખાશે.

# જ્ઞાન સાગર



1980 અને 1990ના દાયકામાં 100થી વધુ ફિલ્મો કરી અને સમગ્ર કારકિર્દી દરમિયાન 700થી વધુ ફિલ્મોમાં વિલન અને હાસ્યની ભૂમિકા માટે જાણીતા શક્તિ કપૂરનો આજે જન્મદિવસ છે.

## શું તમે જાણો છો?

### દેશમાં અ..ધ..ધ..ખેડૂતોની આત્મહત્યા

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોએ ખેડૂત આત્મહત્યા અંગેનો ડેટા જાહેર કર્યો. આ એનસીઆરબી દ્વારા પ્રકાશિત ભારતમાં અકસ્માત મોત અને આત્મહત્યાના અહેવાલનો એક ભાગ છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોએ ઑક્ટોબર 2019 માં ''આકસ્મિક મૃત્યુ અને આત્મહત્યામાં ભારતમાં 'અહેવાલ બહાર પાડ્યો હતો. જોકે, તેમાં ખેડૂત આત્મહત્યાના આંકડા શામેલ નથી. આનાથી દેશમાં ભારે વિવાદ .ભા થયા. કૃષિ આત્મહત્યા અંગેના ડેટા ફક્ત 2015 સુધી જ ઉપલબ્ધ હતા. વર્ષ 2016માં એનસીઆરબી દ્વારા ખેડૂત આત્મહત્યા અંગેનો ડેટા 2018ની શરૂઆતમાં સરકારને સુપરત કરાયો હતો. જો કે, તે પ્રકાશિત થયો નથી. ખેડૂત આત્મહત્યા અંગે તાજેતરમાં જારી કરવામાં આવેલા આંકડા કહે છે કે 2019 માં લગભગ 42,480 ખેડુતો અને દૈનિક વેતન આપઘાત કરે છે. પાછલા વર્ષ કરતા આ લગભગ 6% જેટલો વધારો છે. આ ઉપરાંત તેમાં જણાવાયું છે કે, 2019 માં 10,281 જેટલા ખેડુતોએ આત્મહત્યા કરી હતી. વર્ષ 2018 માં તે 10,357 હતી. 2019માં આત્મહત્યા કરતા દૈનિક વેતનની સંખ્યા 32,559 હતી. 2018 માં તે 30,132 હતો. છત્તીસગમાં દેશમાં સૌથી વધુ આત્મહત્યા દર 26.4% સાથે છે, ત્યારબાદ કેરળ 24.3% અને તેલંગાણામાં 20.6% છે. દેશમાં કુલ આત્મહત્યામાં ખેડુતોના આપઘાતનો ફાળો 7.4% છે. આત્મહત્યા કરનારા 10,281 ખેડુતોમાં 4,324 કૃષિ મજૂર હતા. 2019 માં કુલ 5,563 પુરુષ ખેડુતો અને 394 મહિલા ખેડુતોએ આત્મહત્યા કરી હતી. વર્ષ 2019 માં દેશમાં કુલ આત્મહત્યાની સંખ્યા 1,39,123 હતી. 2015 માં પ્રકાશિત ખેડૂત આત્મહત્યા અંગેના એનસીઆરબીના અહેવાલમાં ખેડૂત આત્મહત્યાના વિસ્તૃત ડેટા પ્રકાશિત થયા હતા. આમાં આત્મહત્યાના કારણો પણ શામેલ છે. જો કે, વર્ષ 2019 માટે તાજેતરમાં જારી કરવામાં આવેલા ડેટામાં આ વિગતો શામેલ નથી.

## સામાન્ય જ્ઞાન

1. સપ્લાય ચેઈન સ્થિતિ સ્થાપકતા અંગે ઑસ્ટ્રેલિયા-ભારત-જાપાન પ્રધાનોની બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કોણે કર્યું?
2. માર્ક ઝુકરબર્ગને પાછળ રાખીને કોણે વિશ્વનો ત્રીજો ધનિક વ્યક્તિ બન્યો?

(જવાબ આવતીકાલે વાંચો)

ગઈકાલના જવાબ
1. લેબનાન
2. નૂર ઈનાયત ખાન

multibase

મલ્ટીબેઝ ઈન્ડિયા લિમિટેડ
સી.આઈ.એન.: L01122DD1991PLC002959
રજિસ્ટર્ડ ઓફિસ: / 74/5,, દમણ Estateધોગિક એસ્ટેટ, કડૈયા ગામ, નાની દમણ, કેન્દ્ર શાસિત પ્રદેશ, ડીડી-396 210 ટેલ.: 0260-6614400 ફેક્સ: 0260-2221578
ઈ-મેલ: compliance.officer@multibaseindia.com વેબસાઈટ: www.multibaseindia.com

નોટિસ

કંપની અધિનિયમ, 2013ની લાગુ જોગવાઈઓ અનુસાર અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા 5મી મે, 2020ના જનરલ પરિપત્ર નં.20/2020ના સભ્યોની 29મી વાર્ષિક સામાન્ય સભા (AGM) ને અનુલક્ષીને સૂચના આપવામાં આવી છે. મલ્ટિબેઝ ભારત લિમિટેડની 29 સપ્ટેમ્બર, 2020 ને મંગળવારે સવારે 11.00 વાગ્યે યોજાશે. મલ્ટિબેઝ ઇન્ડિયા લિમિટેડના સભ્યોની કોઈ શારીરિક હાજરી વિના વિડિઓ કોન્ફરન્સિંગ સુવિધા / અન્ય ઓડિઓ વિઝ્યુઅલ દ્વારા **29 સપ્ટેમ્બર, 2020 ને મંગળવારે સવારે 11.00 વાગ્યે** યોજાશે. એજીએમમાં ભાગ લેવાની પ્રક્રિયા એજીએમની સૂચનામાં પૂરી પાડવામાં આવશે.

ઉપરોક્ત MCA પરિપત્રો અને SEBI પરિપત્રનું પાલન કરીને વાર્ષિક અહેવાલ સાથે AGMની નોટિસ ફક્ત તે જ સભ્યોને ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા મોકલવામાં આવી રહી છે, જેમના ઇમેઇલ સરનામાં કંપની/ ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે. AGM અને વાર્ષિક સૂચનાની કોઈ ભૌતિક નકલો રિપોર્ટ કોઈપણ સભ્યને મોકલવામાં આવશે. સભ્યો નોંધ લેવી કે નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ એટલે કે www.multbaseindia.com, બોમ્બે સ્ટોક એક્સચેંજની વેબસાઇટ એટલે કે BSE લિમિટેડ www.bseindia.com અને CDSL એટલે કે www.evotingindia.com પર પણ ઉપલબ્ધ હશે. જે સભ્યોએ હજી સુધી કંપની સાથે પોતાનો ઇમેઇલ આઈડી નોંધાવ્યો નથી તેઓ અસ્થાયી રૂપે તેમની ઇમેઇલ આઈડી કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટો, લિન્ક ઈન્ટી મેઇ ઈન્ડિયા પ્રા.લિ., લિંક્સનો ઉપયોગ કરીને નોંધણી કરાવી શકે છે, જેની માટેની લિંક છે: https://linkintime.co.in/emailreg/email_register.html અને તેમના ઇમેઇલ આઈડી પર નાણાકીય વર્ષ 2019-20 માટે વાર્ષિક અહેવાલ મેળવવા માટે, 22 સપ્ટેમ્બર 2020 ના રોજ અથવા તે પહેલાં, ત્યારબાદ માર્ગદર્શન મુજબ નોંધણી પ્રક્રિયાને અનુસરો.

ઇમેઇલ સરનામાંની નોંધણી માટે અનુસરવાની પ્રક્રિયા નીચે મુજબ છે: -
- https://linkintime.co.in/emailreg/email_register.html લિંકની મુલાકાત લો;
- કંપનીનું નામ પસંદ કરો. મલ્ટિબેઝ ઇન્ડિયા લિમિટેડ;
- DP આઈડી અને ક્લાયંટ આઈડી/ફિઝિકલ ફોલિયો નંબર, શેરહોલ્ડરનું નામ, પાન નંબર અને શેર પ્રમાણપત્ર નંબર (શારીરિક ફોલિઓના કિસ્સામાં) દાખલ કરો; -
- પ્રમાણિતકરવા માટે પાન કાર્ડની સ્વ-પ્રમાણિત કોપિ અપલોડ કરો.

જો સિસ્ટમમાં પાનની વિગતો ઉપલબ્ધ નથી, તો સિસ્ટમ સભ્યને અપડેટ માટે પાનકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ અપલોડ કરવા માટે કહેશે; - તમારું ઇમેઇલ સરનામું અને મોબાઇલ નંબર દાખલ કરો; - સિસ્ટમ આ નોટિસ મેળવવા માટે ઇમેઇલ સરનામાંને ગુપ્ત રાખશે.
તેમના ઇમેઇલ સરનામાંની કાયમી નોંધણી માટે ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોને તેમના ડિપોઝિટરી સહભાગીઓ (ડીપી) અને રજિસ્ટ્રારને અપડેટ કરવા વિનંતી છે, જો સભ્ય ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવે છે.
ઈ-મતદાન દ્વારા મતદાન કરવા માટેના લોગ-ઇન ઓળખપત્રો, ઉપરોક્ત પ્રદાન કરેલી રીતે સફળતાપૂર્વક ઇ-મેઇલ દ્વારા સભ્યોને તેમના ઇમેઇલ સરનામાંઓની નોંધણી કર્યા પછી ઉપલબ્ધ કરવામાં આવશે.
સભ્યોની વિગતોની ચકાસણી કર્યા પછી તેમને ઓળખપત્ર આપવામાં આવશે.
AGMની સૂચનામાં નિર્ધારિત તમામ ઠરાવો પર તેમના મત આપવા માટે, તેના તમામ સભ્યોને CDSLની રિમોટ ઇ-મતદાન સુવિધા ('રિમોટ ઇ-મતદાન') પ્રદાન કરવામાં કંપની ખુશ છે.
AGMની સૂચનામાં સમાવિષ્ટ દરખાસ્તો પર AGM દરમિયાન રિમોટ ઇ-વોટિંગ તેમજ ઇ-વોટિંગ કંપની દ્વારા પ્રદાન કરવામાં આવતી ઇ-વોટિંગ સિસ્ટમ પર હાથ ધરવામાં આવશે. ઇ-વોટિંગ સિસ્ટમ અને ઇ-વોટિંગની પ્રક્રિયાની વિગતો AGMની સૂચનામાં સ્પષ્ટ કરવામાં આવશે. જે સભ્યો શારીરિક સ્વરૂપમાં શેર ધરાવે છે અથવા જેમણે તેમનો ઇમેઇલ આઈડી નોંધાવ્યો નથી તેઓ AGMની સૂચનામાં જણાવેલ ઇ-વોટિંગ સિસ્ટમ અને પ્રક્રિયાની વિગતો મેળવી શકે છે અને ઇ-મતદાન સિસ્ટમ પર મત આપી શકે છે.

બોર્ડ દ્વારા અને ઓર્ડર
મલ્ટિબેઝ ભારત લિમિટેડ માટે
એસડી / -
સુનૈના ગોરક્ષ
કંપની સચિવ અને પાલન અધિકારી

તારીખ: 02/09/2020
સ્થળ: મુંબઈ

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિકઃ- વ્રજ કિનિઆરા દ્વારા મુદ્રણ - તામ્રલોક પબ્લીકેશન, ૧૫૨-૧૫૩, શ્રીરામ ઈન્ડ.એસ્ટેટ, પાંડેસરા, સુરત ખાતેથી છાપી, સમ્રાટ નગર ને.હા.નં.૮, ભીલાડ- ૩૯૬ ૧૦૫, તા.ઉમરગામ, જિ. વલસાડથી પ્રસિધ્ધ કર્યુ. Tel. No. (0260) 2784933, Fax: 2785033, Mob.: 98798 33933 E- mail : gujaratchitra@gmail.com